19 ડિસેમ્બર, 2006

## ભારતીય રિઝર્વ બેંક દ્વારા નવા ફેરિટીક સ્ટેઇનલેસ સ્ટીલના રૂ. 2નાં સિક્કાઓ બહાર પાડશે.

રિઝર્વ બેંક દ્વારા ટુંક સમયમાં અનેકતામાં એકતા વિષયને આધારીત ફેરિટીક સ્ટેઇનલેસ સ્ટિલના રૂ. 2 ના ચલણી સિક્કાઓ બહાર પાડવામાં આવશે.

આ સિક્કા ગોળ આકારનાં 27 મીલીમીટરના વ્યાસવાળા હશે તથા તે 17 ટકા ક્રોમીયમ તથા 83 ટકા લોખંડની ધાતુના બનાવેલા છે.

સિક્કાને ઉપરની બાજુએ ત્રણ ભાગ પાડવામાં આવશે. વચ્ચેના ભાગમાં સિહની મુખાકૃતિવાળો અશોક સ્તંભ હશે જેની નીચે સત્યમેવ જયતે નું લખાણ હશે તથા સિક્કાનુ મુલ્ય દર્શાવતુ રૂ. 2 અંગ્રેજીમાં લખેલા હશે. નીચેના ભાગમા સિક્કાનુ વર્ષ લખવામા આવશે તથા ઉપરના ભાગમા હિન્દી તથા અંગ્રેજીમાં ભારત / ઇન્ડિયા લખવામાં આવશે. સૌથી નીચેના ભાગમાં આંતરરાષ્ટ્રીય આંકડાઓમાં વર્ષ લખેલું હશે. સિક્કાની બીજી બાજુ ઉપર અનેકતામા એકતા કે જે આપણા દેશનું પ્રતિક છે તેની ઝલક દર્શાવવામાં આવશે. આ પ્રતિકમાં ચારા માથા તથા એકજ શરીર એવું દર્શાવવામાં આવ્યું છે. જેનો અર્થ દેશના ચારેય ખુણાનાં લોકો એકજ બંધન હેઠળ, એકજ રાષ્ટ્રનું નિરૂપણ કરે છે. પ્રત્યક્ષદર્શી કોડ વપરાશકર્તાને પ્રત્યક્ષ દશ્ય સાથે વ્યક્તિગત રીતે મૂલ્યવર્ગ સાથે જોડવા મદદ કરે છે જે ઓળખાણની પ્રકિયાને વધારે ઝડપી બનાવે છે. ડાબી બાજુએ ઉપરના ભાગમાં હિન્દીમાં દો રૂપિયા તથા અંગ્રેજીમાં Two Rupees લખવામાં આવ્યું છે.

આ સિક્કો કોઇનેજ કાયદા 1906 ના હેઠળ કાયદેસરનો ચલણી સિક્કો છે. હાલમાં વપરાશમાં રહેલ રૂ. 2 ના અન્ય સિક્કાઓ પણ કાયદેસરના ચલણી સિક્કાઓ ગણાશે.

પી.વી. સદાનંદન
પ્રબંધક

પ્રેસ વિજ્ઞાપન : 2006-2007/ 835